હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, ભણવાનું તો ખબર નથી પણ ટાવર ન પકડાવાથી ઝાડ ઉપર ચડતા પાક્કું આવડી ગયું... ઓનલાઈન ભણવાનું ન હતું ત્યારે ઝાડ ઉપર ચડવાથી બીતો હતો...

માતાએ ફુલ જેવી બે દિકરીઓને નર્મદા કેનાલમાં ફેંકી

દહેગામ પંથકના આંત્રોલી ગામનો કિસ્સો : ૪ વર્ષની અને ૬ માસની દિકરીને કડાદરા કેનાલમાં ફેંકી દીધી : સમગ્ર વિસ્તારમાં એરરાટી સાથે માતા સામે ફીટકાર, પિતાની ફરીયાદને લઈ માતા પોલીસ હવાલે : મોડી સાંજે ૬ માસની શ્રધ્ધાનો મૃતદેહ જાસપુર કેનાલમાંથી મળી આવ્યો : ૪ વર્ષની દિકરીની શોધખોળ શરુ

ગાંધીનગર, તા.૨૮

મા તે મા બીજા બધા વગડાના વા... મા કહેતા મોઢું ભરાય... ગોળ વિના મોળો કંસાર મા વિના સુનો સંસાર... છોરુ કછોરુ થાય પણ, માવતર કમાવતર ના થાય... મા ના પ્રેમ અને વાત્સલ્યની અનેક કહેવતો છે, ખુદ ભગવાને પણ ધરતી પર અવતરવા મા ની કોખનો સહારો લેવા પડ્યો હતો અને પોતાના મોંઢેથી માતાનો મહિમા ગાયો છે. ત્યારે મા ના પ્રેમની અનેક કહાનીઓને શર્મસાર કરે તેવી ઘટના રવિવારના રોજ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના આંત્રોલી ગામે બનવા પામી છે. જેમાં ખુદ મા એ પોતાની કુમળા ફુલ સમાન વ્હાલસોઈ ૪ વર્ષીય અને ૬ માસની દિકરીઓને નર્મદા કેનાલમાં ફેંકી દેવાની ઘટનાને પગલે અરેરાટી પ્રસરવા સાથે આ માતા સામે ચોતરફથી ફીટકાર વરસી રહ્યો છે. જયારે મોડી સાંજે ૬ માસની દિકરીનો મૃતદેહ જાસપુર નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. જયારે ૪ વર્ષીય દિકરીની શોધખોળ શરુ છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દહેગામ તાલુકાના આંત્રોલી ગામના સિધ્ધરાજસિંહ રંગતસિંહ સોલંકીના લગ્ન વર્ષ ૨૦૧૪ માં હાલીસા ગામના કલસિંહ છત્રસિંહની દિકરી શિલ્પા સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન શિલ્પાબેને બે દિકરીઓને જન્મ આપ્યો હતો. જેમાં ૪ વર્ષીય ઉર્વશી અને ૬ માસની શ્રધ્ધા હતી. ગામમાં પ્લાસ્ટીકના સામે ચવાણુ વેચવા માટે એક વેપારી આવ્યો હતો. જેથી તેમની દિકરીઓ ચવાણુ લેવા માટે રોતી હતી. આ સમયે શિલ્પાબેનને તેમના નણંદ સરોજબેનને કહ્યું કે આપણા ઘર ઉપર જુનુ પ્લાસ્ટીક છે તે ઉતારી આપો મારી છોકરીઓને ચવાણુ ખાવુ છે. જેથી સરોજબેન નણંદે ભાભી શિલ્પાબેનને કહ્યું કે વસ્તાર તારો છે તેની તમને ચિંતા અમે અમારા બાપનું ખાઈએ છીએ. ત્યારબાદ શિલ્પાબેન તેમના સાસુને બ્લાઉઝ સિવડાવવા જવાનું કહીને ઘરેથી બે દિકરીઓને લઈને નીકળ્યા હતા. આંત્રોલી ગામના માર્ગ પર તેમના બનેવી મળતા શિલ્પાબેને લીહોડા દવાખાને જતા હોવાનું કહ્યું હતું. ઘરેથી બે માસુમ દિકરીઓને સાથે લઈને નીકળેલા માતાએ તાલુકાના કડાદરા ગામે પહોંચી હતી. જયારે કડાદરા ગામે પસાર થતી નર્મદા કેનાલ પર ઉભા રહીને માતા શિલ્પાબેને કંઈ પણ વિચાર કર્યા વિના પોતાની ૪ વર્ષની દિકરી ઉર્વશી અને ૬ માસની દિકરી શ્રધ્ધાને કેનાલમાં ફેંકી દીધી હતી. આ ઘટના બાદ સિધ્ધરાજસિંહના મોબાઈલ પર એક વ્યકિતએ ફોન કર્યો હતો. તે વ્યકિતએ કહ્યું કે એક બેન મારી પાસે ઉભા છે તેમણે મને તમારા નંબર પર વાત કરવાનું કહ્યું છે. ત્યારબાદ તેણે શિલ્પાબેનને ફોન આપતા શિલ્પાબેને તેના પતિને કહ્યું કે હું ભાન ભુલી ગઈ છું. હાલમાં ક્યાં છુ તેની ખબર નથી. જેથી સિધ્ધરાજસિંહે ફોન વાળા ભાઈને વાત કરવાનું કહી શિલ્પાબેનને ગલુદણ ગામે તેમની બહેનના ઘરે પહોંચાડી દેવાનું કહ્યું હતું. ત્યારબાદ સિધ્ધરાજસિંહ તેમના પરિવારને સાથે ગાડી લઈને ગલુદણ પહોંચ્યા હતા. જયાં ગામના પાટીયા પાસે શિલ્પાબેન ઉભા હોવાથી તેમને મળી દિકરીઓ ક્યાં છે તેવું પુછ્યું હતું. જેથી શિલ્પાબેને હું ભુલી ગઈ છુ મને જગ્યા બરાબર યાદ નથી તેમ કહેતા સિધ્ધરાજસિંહે શિલ્પાબેનને તુ દિકરીઓને લઈને જયા જયા ફરી હોય તે જગ્યા બતાવ તેમ કહી ગાડીમાં બેસાડી કડાદરા ખાતે પહોંચ્યા હતા. નર્મદા કેનાલ આગળ ગાડી ઉભી રાખી હતી. તે સમયે નજીકમાં આવેલા ગલ્લા પરથી એક વ્યકિતએ આવી શિલ્પાબેન સામે જોઈ આ મહિલાએ બે નાના છોકરાને કેનાલમાં નાખી દીધા હોવાનું જણાવ્યું હતું. આથી સિધ્ધરાજસિંહે કડકાઈથી શિલ્પાબેનની પુછતાછ કરતા તેણે દિકરીઓને ચવાણું ખાવા માટે સરોજબેનને ઘર ઉપરથી પ્લાસ્ટીક ઉતારી આપવાનું કહેતા સરોજબેને કહેલા વેણથી લાગી આવતા છોકરીઓને મારી નાંખવાનું નક્કી કરી ઘરેથી ગુસ્સો કરી નીકળી હોવાની કબુલાત કરી હતી. બનાવની જાણ દહેગામ પીઆઈ જે.કે.રાઠોડને થતા તાત્કાલીક સ્ટાફ સાથે દોડી જઈને પરિસ્થિતિનો તાગ મેળવી શિલ્પાબેનને પોલીસ મથકે લઈ આવી હતી.જયારે બનાવ અંગે શિલ્પાબેનના પતિ સિધ્ધરાજસિંહની ફરીયાદને પગલે પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- પોલ્યુશન કંટ્રોલ અંગે ગ્રીન ટ્રીબ્યુનલે આપેલા ચુકાદાના પગલે જિલ્લાઓ દ્વારા લેવાયેલા પગલાંઓની સમીક્ષા માટે ૩૧મી ડિસેમ્બરના રોજ મુખ્ય સચિવશ્રી વિડીયો કોન્ફરન્સ કલેક્ટરો સાથે કરશે.
- ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક મળશે.
- કોરોનાના કાળમાં કોરોના વોરિયર્સ તરીકે પોલીસ કર્મયોગીઓએ બજાવેલ ફરજોનું આજે મેયર રીટાબેન પટેલે સન્માન કર્યુ હતુ.
- કોંગ્રેસ પક્ષ દ્વારા આજે તેના ૧૩૬મા જન્મ દિવસની ઉજવણી ધ્વજવંદન કરી કરી હતી. જિલ્લા કાર્યાલય ખાતે સૂર્યસિંહ ડાભી અને શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહે ધ્વજવંદન કરી ઉપસ્થિત આગેવાનો કાર્યકરોને વધામણા આપ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડો થયો છે. જિલ્લામાં આજે માત્ર ૨૨ કેસ જ નોંધાયા છે.
- તાલુકા બ્લોક હેલ્થ ઓફિસના કર્મચારી રાકેશ પટેલના અવસાન અંગે આજે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાનના નેતૃત્વમાં કર્મચારીઓએ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી.
- આજે ભાજપના પ્રદેશ નેતાઓની મહત્વની બેઠક કમલમ્ ખાતે મળશે જેમાં સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણીઓ માટેનો રોડમેપ મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં તૈયાર કરાશે.

રાજ્યમાં મતદારોની પ્રાથમિક યાદી ૫ જાન્યુ.એ જાહેર કરાશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા કાઉન ડાઉન શરૂ થઈ ગયું છે. બન્ને પક્ષો એક્શન મોડમાં આવી ગયા છે. ત્યારે આજે ગુજરાત ચૂંટણી આયોગ દ્વારા મતદાર યાદી અંગે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા લોકોને સિગ્નલ મળવા લાગ્યા છે. આજે રાજ્ય ચૂંટણી આયોગની જાહેરાત પ્રમાણે ૫ જાન્યુઆરીએ મતદારોની પ્રાથમિક મતદાર યાદી જાહેર કરવાની વાત કરી છે, જ્યારે ૨ ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ થશે. ૮ જાન્યુઆરી સુધી કોઈ પણ દાવા અરજી કરી શકશે.

ચૂંટણી આયોગની જાહેરાત પ્રમાણે ૧ જાન્યુ. ૨૦૨૧ની સ્થિતિએ પ્રાથમિક યાદી જાહેર કરવામાં આવશે, જેથી કોઈને વાંધા વચકા હોય તો ૧૮ જાન્યુઆરી સુધી દાવા અરજી કરી શકે છે. ૫ જાન્યુઆરીએ પ્રાથમિક મતદાર યાદી જાહેર કરાશે. ત્યારબાદ ૨ ફેબ્રુઆરીએ ફોટો વાળી અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. ૧-૧-૨૦૨૧ની સ્થિતિ મુજબની પ્રાથમિક યાદી જાહેર કરવામાં આવશે. જેમાં કોઈ પણ વ્યક્તિ ૧૮-૧ સુધીમાં દાવા અરજીઓ રજુ કરવાની રહેશે.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી મનીષાબેન પટેલની બદલી કરાઈ

નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે પૂર્વ ટીડીઓ જ્હાનવી પટેલની ગાંધીનગરમાં નિમણુંક કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલની આજે સાંજે બદલી મહેસાણા ખાતે કરવામાં આવી છે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા આજે પાંચ નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની બદલી અને ૪ તાલુકા વિકાસ અધિકારીઓને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે બઢતી આપતા હુકમો જારી કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં સાલસ સ્વભાવ થકી આગવી ઓળખ ઉભી કરનાર સુશ્રી મનીષાબેન પટેલની બદલી મહેસાણા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે કરવામાં આવી છે. તેઓ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ગાંધીનગરમાં ફરજો બજાવતા હતા.

સુશ્રી મનીષાબેન પટેલની જગ્યા પર ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજો બજાવી ચુકેલા સુશ્રી જ્હાનવી પટેલને બઢતી આપી નિમણુંક કરવામાં આવી છે.

આજે સાંજે સાડા પાંચ વાગ્યાના સુમારે આ બદલીના હુકમો જારી કરાયા હતા. બદલીના આ હુકમો થતાં હવે અન્ય અધિકારી સંવર્ગમાં પણ બદલીના હુકમો કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. સુશ્રી મનીષાબેન પટેલ જિલ્લા ગ્રામ્ વિકાસ એજન્સીના નિયામક તરીકે વધારાનો કાર્યભાર સંભાળતા હતા તેમની બદલી થતાં હવે આ જગ્યા નિયમિત નિમણુંકથી ભરવામાં આવશે કે પછી અન્ય અધિકારીને ચાર્જ અપાશે તેને લઈ અટકળો શરૂ થઈ ગઈ છે.

અઢી વર્ષથી નાસતા ફરતા બુટલેગરને ઝડપી લેવાયો

મોડાસા, તા. ૨૮

જિલ્લા એસઓજી પીઆઈ જે પી ભરવાડને આરઆર સેલના પોલીસકર્મી પર હુમલો કરનાર અને છેલ્લા અઢી વર્ષથી નાસતો ફરતો ધંધાસણના મહેશ ઉર્ફે કાળીયા અસારી નામનો બુટલેગર બાવળીયા ટોરડા ગામે હોવાની બાતમી મળતા એસઓજી અને જિલ્લા પેરોલ ફર્લો ટીમે બાવળીયા ટોરડા ગામે ત્રાટકી બાતમી આધારીત જગ્યાને કોર્ડન કરી મહેશ ઉર્ફે કાળીયો કમજી અસારીને ઈગુજકોપ પોકેટકોપની મદદથી બાવળીયા ટોરડા ગામે થી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

પેથાપુરને ક્યારે "સ્માર્ટ સિટી"નો ભાગ બનવાનું ગૌરવ અનુભવાશે ?

પેથાપુરમાં ઠેર ઠેર ગંદકી અને અસ્વચ્છતાનો માહોલ : ઉભરાતી ગટરો અને ગંદકીના ઘર જેવા જાહેર શૌચાલયોથી પ્રજા ત્રાહિમામ : જાહેરમાં પાણી વેડફતા તત્વો સામે પણ પગલાં લેવા જરૂરી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાનો વ્યાપ વધારીને આસપાસના ગ્રામ્ય તથા નગર વિસ્તારને મહાનગરમાં સમાવી લેવામાં આવ્યો છે પરંતુ હજુ પણ આ ગ્રામ્ય વિસ્તારોની સ્થિતિમાં તેનો કોઈ ફાયદો થયેલો જણાતો નથી. ગાંધીનગરના પેથાપુર ખાતે ગંદકીના થર જેમના તેમ છે અને ઠેર ઠેર પાણીના બગાડની સ્થિતિ જોવા મળી રહી છે. પેથાપુરના નાગરિકો મીટ માંડીને બેઠાં છે કે ક્યારે તેમનો વિસ્તાર પણ ખરા અર્થમાં સ્માર્ટ સિટીનો વિસ્તાર કહી શકાય તેવો બનશે ?

પેથાપુરમાં અનેક ઠેકાણે ગટરલાઈન ઉભરાવાની સમસ્યા હોવાની ફરિયાદો ઉઠી રહી છે તે સાથે સાથે કેટલાંક નાગરિકો દ્વારા સરેઆમ પાણીનો બગાડ કરવામાં આવી રહ્યો છે જેના કારણે પેથાપુરના રસ્તાઓ પર આજે પણ ચોમાસા જેવી સ્થિતિ જોવા મળી રહી છે. વળી અનેક ઠેકાણે કચરાના ઢગ, ગંદકીના થર અને સાફ સફાઈનો અભાવ પણ જોવા મળી રહ્યો છે જેના કારણે રોગવાહક જીવાણુઓના ઉપદ્રવ સાથે દુર્ગંદયુક્ત સ્થિતિ સર્જાઈ રહી છે જે સરેરાશ નાગરિકો માટે અસહ્ય બનતી જાય છે. પેથાપુર વિસ્તારના જાહેર શૌચાલય માત્ર ગંદકીનું ઘર બની જવા પામ્યાં છે. આ સ્થિતિમાં સફાઈ તંત્ર દ્વારા સત્વરે પેથાપુર વિસ્તારમાં યોગ્ય પગલાં લઈને ગટર ઉભરાવાની, સાફ-સફાઈના અભાવની સમસ્યાઓ ઉકેલવામાં આવે અને પાણીનો જાહેરમાં બગાડ કરતા તત્વો સામે લાલ આંખ કરવામાં આવે તેવી માંગ નાગરિકોમાં ઉઠવા પામી છે. આ સાથે ગંદકીયુક્ત વિસ્તારોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવે તે પણ ઈચ્છનીય જણાઈ રહ્યું છે.

તારૂ ઘર અને પત્નિના દાગીના વેચી મારૂ દેવુ ભરપાઈ કરી આપ

પોતાના જેઠનું દેવુ ભરવા સઘળું ફના ફાળિયા કરવા તૈયાર થયેલા પતિને પત્નિએ વારતા જેઠ અને પતિ બંને વિફર્યા : અંતે મહિલાને લાગી આવતા કેનાલે પડતું મુકવા ગઈ પરંતુ અભયમ્ ટીમે બચાવી

ગાંધીનગર, તા. ૨૮

આજની જીવનશૈલી સતત વધી રહેલા ગ્રાહકવાદને પગલે આર્થિક નિર્ભરતા આધારિત થઈ રહી હોવાને કારણે માનવી માનસિક તણાવનો ભોગ બની રહ્યો છે જે માનવીને આત્મહત્યા સુધી પ્રેરી જાય તેવી ઘટનાઓની સંખ્યા સમાજમાં મોટા પ્રમાણમાં બની રહી છે. એમાં પણ મહિલા વર્ગમાં પણ આ પ્રમાણ વધતુ જઈ રહ્યું છે જેને અનુલક્ષીને સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી 'અભયમ્ હેલ્પલાઈન' આત્મઘાત કરવા પ્રેરાયેલી મહિલાઓને બચાવવા પ્રસંશનીય પ્રયાસ કરી રહી છે. હજુ ગત સપ્તાહના અંતમાં જ ઈન્દિરાબ્રિજ પાસેની નર્મદા કેનાલેથી આત્મહત્યા કરવા ગયેલી મહિલાને 'અભયમ્' હેલ્પલાઈન દ્વારા બચાવી લેવાઈ છે.

ઘટનાની વિગત એવી છે કે મહિલાના જેઠને આર્થિક દેવું થઈ જતા તેણે પોતાના ભાઈ એટલે કે આ મહિલાના પતિ પાસે તેના ઘર પર લોન લઈ તથા પત્નિના દાગીના વેચીને પોતાનું દેવુ ભરપાઈ કરી આપવા દબાણ કર્યુ હતુ. આ બાબતનો વિરોધ મહિલાએ કર્યો તો તેના જ પતિએ તેને ઘરમાંથી નીકળી જવા કહી દીધુ જ્યારે તેના જેઠે પણ મહિલાને અપશબ્દોથી નવાજી હતી. આમ પોતાની સાચી વાતના બદલામાં પોતાના પતિ અને જેઠનું આવુ વર્તન મળતાં તેને ખૂબ લાગી આવ્યુ હતુ અને જેના પગલે તે ઘરેથી નીકળીને ઈન્દિરાબ્રિજ પાસેની નર્મદા કેનાલ પર આત્મહત્યા કરવાના ઈરાદાથી પહોંચી ગઈ હતી. જો કે આ દરમ્યાન એક વ્યક્તિ જે તેના પરિવારના ઓળખિતા હતા તે જોઈ જતાં તેમણે મહિલાની પુછપરછ કરી હતી જેના પગલે તેમને જાણવા મળ્યુ કે તે આત્મહત્યા કરવા આવી છે આથી તેમણે તુરંત ૧૮૧ નંબર ડાયલ કરીને અભયમ્ હેલ્પલાઈનને મદદ માટે જણાવ્યુ હતુ. કોલ મળતાં જ તુરંત ઘટનાસ્થળે ધસી ગયેલી અભયમ્ હેલ્પલાઈનની ટીમે યુવતિને સમજાવટથી મહિલાના આત્મહત્યાના વિચારને દૂર કરવામાં સફળતા મેળવી હતી તેમજ મહિલાનું પિયર ગાંધીનગર નજીકના જ અન્ય ગામમાં હોવાથી ત્યાં સંપર્ક કરી મહિલાના ભાઈને બોલાવ્યા હતા અને તેમને મહિલાની સહીસલામત સોંપણી કરી હતી.

શિયાળાની ઋતુ એટલે સ્વાસ્થ્ય વર્ધક ઋતુ આ મોસમમાં જોગીંગ, વોકીંગ ઉપરાંત વિવિધ પ્રકારની કસરત કરવાનો અનેરો આનંદ આવે છે. સેકટર-૫ બગીચામાં યોગ પરિવાર દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી નિયમિત રીતે યોગાસન કરાવવામાં આવે છે. શિયાળા દરમિયાન અહીં મોટી સંખ્યામાં વસાહતીઓ યોગાસનો શીખવા આવે છે. નિવૃત્ત અધિકારી સુરેન્દ્રસિંહ વાઘેલા છેલ્લા ઘણા વર્ષોથી અહીં વસાહતીઓને યોગાસનો શીખવી રહ્યા છે.

વૈષ્ણોદેવી સર્કલ પર ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજ બંને બનશે

અમદાવાદ,તા.૨૮

અમદાવાદના જીય હાઈવે પર ગાંધીનગરથી સરખેજ સુધી જવા હાલ જે એક કલાકનો સમય થાય છે એ જુલાઈ ૨૦૨૧ પછી માત્ર ૨૦ મિનિટનો થઈ જશે. રૂ.૮૬૭ કરોડના ખર્ચે ૪૪ કિલોમીટરનો આ રોડ ૧૦ લેન બનશે અને ટોલ ફ્રી રહેશે, એમાં પણ ગાંધીનગર અને અમદાવાદને જોડતા વૈષ્ણોદેવી સર્કલ ખાતે ટ્રાફિકનું ભારણ ઘટાડવા ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજ બંને બનશે. આ અગાઉ વૈષ્ણોદેવી સર્કલ પાસે માત્ર ઓવરબ્રિજ બનાવવાનું નક્કી કર્યું હતું, પરંતુ હવે આ ટ્રાફિકનું ભારણ જોઈને અંડરબ્રિજ પણ બનશે. અગાઉ વૈષ્ણોદેવી સર્કલ પર જીયહાઈવેના ટ્રાફિક માટે ઓવરબ્રિજ બનાવવાનો હતો, પરંતુ જીઁ રિંગ રોડ પર ઉત્તર અને મધ્ય ઉપરાંત સૌરાષ્ટ્રનો પણ ટ્રાફિક રહેતો હોવાથી ત્યાં ભારણ વધી રહ્યું છે, જેથી ઓવરબ્રિજની સાથે નીચે અંડરબ્રિજ માટે ડિઝાઈન તૈયાર કરવામાં આવી રહી છે.

આવનારા સમયમાં આ સર્કલની આસપાસ વસતિની ગીચતા વધશે ત્યારે સ્થાનિક અને હેવી ટ્રાફિકનું ભારણ વધી શકે છે,

જાહેર નિવિદા

માહિતી નિયામકશ્રીની કચેરી ખાતે એક્રેડિટેડ પત્રકારોના એક્રેડિટેશન કાર્ડ તૈયાર કરવાના થાય છે. આ માટે કચેરી તરફથી આપવામાં આવનાર કાર્ડધારકોની વિગતોની ડેટા એન્ટ્રી, ફોટો સ્કેનીંગ, સિન્થેટીક પેપર પર ફોર કલરમાં પ્રિન્ટીંગ તેમજ ૨૫૦ માઈક્રોન હેવી લેમિનેશન અને કાર્ડ હોલ્ડર તથા Mediaના લખાણ સાથેની દોરી (પટ્ટી) સાથેના પ્રવર્તમાન નમૂના મુજબના બે પ્રકારની ડિઝાઈન પ્રમાણે એક્રેડિટેશન કાર્ડ સમયમર્યાદામાં તૈયાર કરવાના રહેશે. ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે તા. ૧-૧-૨૦૨૧ થી તા. ૩૧-૧૨-૨૦૨૧ દરમિયાનની મુદત માટે તથા જરૂરિયાત જણાયે કચેરી તથા સંસ્થાની પરસ્પર સંમતિથી સરકારના ધારાધોરણ અનુસાર વધુ લંબાવી શકાય તે પ્રમાણેની મુદત માટે જરૂરિયાત મુજબ કાર્ડ તૈયાર કરવા રસ ધરાવતી ગાંધીનગરની જ સ્થાનિક પેઢીઓ / સંસ્થાઓ પાસેથી બંધ કવરમાં ૩ ટકા ઈ.એમ.ડી. ફી રૂ. ૬૦૦૦/- (અંકે રૂપિયા છ હજાર) સાથેના ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

ફીઝીકલ ટેન્ડર રૂ. ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) રોકડા આપવાથી / ચૂકવવાથી તા. ૨૯/૧૨/૨૦૨૦ થી તા. ૪/૧/૨૦૨૧ સુધીમાં સવારે ૧૧-૦૦ કલાક થી સાંજના ૫-૦૦ કલાક દરમિયાન માહિતી નિયામકની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ૧લો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી રૂબરૂમાં મળશે. અન્ય વિગતો ટેન્ડરમાંથી મળશે. બંધ કવરમાં ફીઝીકલ ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૪/૧/૨૦૨૧ના રોજ સાંજના ૫-૦૦ કલાક સુધી રજીસ્ટ્રી શાખામાં પરત કરી શકાશે.

માહિતી/૧૬૦૨/૨૦-૨૧

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ - ૨૦૨૦-૨૧

રી-ટેન્ડર (બીજો પ્રયત્ન)

ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
૩૩/૨૦૨૦-૨૧	Comprehensive Maintenance of Water Supply Distribution Pipeline Network in Koba, Bhat, Koteshwar, Sughad, Nabhoi, Amiyapur, Ambapur, Zundal, Khoraj, Raisan, Randesan, Sargasan, Kudasan, Vavol & Vasna Hadmatiya, Kolavada, Randheja and Pethapur Area under GMC.	રૂ. ૧૫૦૦/-	રૂ. ૩૮,૦૭૭/-

ટેન્ડર ફોર્મ તા. ૨૯/૧૨/૨૦૨૦ થી તા.૪/૧/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૫/૧/૨૦૨૧ થી ૮/૧/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૧૨/૧/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૫૯૪/૨૦૨૧

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ - ૨૦૨૦-૨૧

ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
૪૬/૨૦૨૦-૨૧	Construction of Paver block and R.C.C. road at pethapur	રૂ. ૧૫૦૦/-	રૂ. ૩૮,૦૭૭/-
૪૭/૨૦૨૦-૨૧	Construction of New Roads and Repairing of Damage Roads In various TP areas of AUDA which is merged in GMC.	રૂ. ૧૮,૦૦૦/-	રૂ. ૧૪,૦૦,૩૨૮/-

ટેન્ડર ફોર્મ તા. ૨૯/૧૨/૨૦૨૦ થી તા.૧૮/૧/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૧૯/૧/૨૦૨૧ થી ૨૫/૧/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨૭/૧/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૫૯૩/૨૦૨૧